# મોડાસામાં પાકિસ્તાનના પુતળાનુ દહન

મોડાસા, તા. ૧૪


વર્ષ ૨૦૦૫થી વીએચપી અને બજરંગ દળ દ્વારા બુઢ્ઢા અમરનાથ યાત્રાનું આયોજન કરવામાં આવે છે. જેમાં દેશ સહિત ગુજરાત રાજયમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ જોડાઈ બુઢ્ઢા અમરનાથના દર્શનાર્થે આ યાત્રામાં શ્રદ્ધાપૂર્વક ઉમટી પડે છે. ૧૩ ઓગષ્ટના રોજ આ યાત્રા દશનામી અખાડા પુંચ પહોંચી ત્યારે ત્રાસવાદીઓએ આત્મઘાતી હૂમલો ૧૬ ઓગષ્ટ ૨૦૧૬ સુધી યાત્રાનું આયોજન કરવામાં આવતા સમગ્ર દેશ અને ગુજરાત રાજ્ય અને અરવલ્લી જિલ્લામાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ જોડાયા હતા. બુઢ્ઢા અમરનાથ યાત્રા વિના વિઘ્ને દશાનામી અખાડા પુંચ પહોંચી હતી ત્યારે આતંકવાદીઓ દ્વારા આત્મઘાતી હૂમલો કરવામાં આવતા ૧૭ શિવભક્તો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં ૧ મહિલા સહિત ૩ પુરૂષોની હાલત ગંભીર બનતા આ યાત્રા પર થયેલો હૂમલો જમ્મુ કાશ્મીર સરકારની



કરતા મોટી સંખ્યામાં ઈજાગ્રસ્ત થયા હતા અને ૪ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થતા બજરંગદળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોમાં રોષ ફેલાયો હતો. રવિવારે અરવલ્લી જિલ્લા બજરંગ દળ અને વીએચપી દ્વારા આતંકવાદી હૂમલાના વિરોધમાં રેલી યોજી પાકિસ્તાનના પુતળાનુ દહન કરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઉલ્લેખીને આતંકવાદીઓ સામે કડક પગલા ભરવા અને સખત કાર્યવાહી કરવા પત્ર દ્વારા ઉગ્ર માંગ કરી હતી.

બજરંગદળ અને વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા વર્ષ ૨૦૦૫થી બાબા બુઢ્ઢા અમરનાથ યાત્રાનું આયોજન કરવામાં આવે છે. ચાલુ સાલે પણ ૯ ઓગષ્ટથી અને કેન્દ્ર સરકારની નાકામીયાબી દર્શાવતા તેના વિરોધમાં અરવલ્લી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા એક બાઈ કરેલીનું આયોજન કરી રેલીના અંતે જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાર રસ્તા નજીક પાકિસ્તાનનો હુરિયો બોલાવી આતંકવાદ મુર્દાબાદના નારા બોલાવી પાકિસ્તાનના પુતળાનુ દહન કરી આતંકવાદના નાપાક કૃત્યો આ રીતે ચાલુ રહેશે તો આગામી દિવસોમાં વીએચપી અને બજરંગ દળ દ્વારા સાંખી લેવામાં નહિ આવે અને આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપવાની ચીમકી આપી હતી.

પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. ઠેર ઠેર ધાર્મિક કાર્યક્રમોના આયોજનો થકી શ્રદ્ધાળુઓ ભક્તિભાવમાં લીન થઈ રહ્યાં છે. ગાંધીનગર પાસેના કોલવડા ગામે શ્રાવણ માસ નિમિત્તે શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનું આયોજન હાથ ધરાયું છે. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે.



# રાયગઢ પાસે અકસ્માતમાં મોપેડ ચાલકનું કરૂણ મોત

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં- ૮ પર આવેલા રાયગઢ ગામના બસસ્ટેન્ડ નજીક રવિવારે સવારે ૮ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી આવતા ટ્રકના ચાલકે રોડ પરથી પસાર થતા મોપેડને ટક્કર મારતા આધેડવયના હિંમતનગરના કાપડના વેપારીનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નીપજ્યુ હતુ. અકસ્માતના પગલે આજુબાજુથી ગામલોકો દોડી આવ્યા હતા. અકસ્માતની ઘટના અંગે ગાંભોઈ પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી હાઈવે પર જામેલા ટ્રાફિક જામને દૂર કરી અકસ્માત સર્જી ફરાર ટ્રકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બસસ્ટેન્ડ નજીક રવિવારે સવારે ૮ કલાકે ટ્રકના ચાલકે આગળ જઈ રહેલા મોપેડ (સ્કૂટર) ચાલકને ટક્કર મારી દેતા આધેડવયના મપેડ ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ.

## રાષ્ટ્રપતિ ચંદ્રક... ● ત્રીજા પાનાનું ચાલુ

સેવાઓ બદલ રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવાની જાહેરાત કરાઈ છે. જેમાં સિનિ. સ્ટાફ ઓફિસર બિરેન્દ્રસિંહ વાઘુભા રાણાને વિશિષ્ટ સેવા બદલ મેડલથી સન્માનીત કર્યા છે. જ્યારે નાયબ સુબેદાર પ્લાટુન કમાન્ડર છગનભાઈ દેસાઈ, સુબેદાર કંપની કમાન્ડર મહિપાલસિંહ જાડેજા, આસી. સેક્શન લીડર નટુભાઈ ચૌધરી, કંપની ક્વાટર્સ માસ્ટર ગોપાલભાઈ વસાવા અને હેડ આર્મર એન્ડ સિનિ. પ્લાટુન કમાન્ડર ઉદેસિંહ સોલંકીને પ્રસંશનીય સેવા બદલ મેડલથી સન્માનીત કરાની જાહેરાત કરવામાં આવી છે.



પર્યાવરણની જાળવણી કરવી એ દરેક નાગરિકની પ્રાથમિકતા હોવી જોઈએ. ગાંધીનગરની મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ ડભોડામાં વૃક્ષારોપણ કરી પર્યાવરણના જતન પ્રત્યે કટિબદ્ધતા પ્રદર્શિત કરી હતી.

# સારા સંકલ્પો થકી એક ભારત શ્રેષ્ઠ ભારત બનાવવાનો માર્ગ તૈયાર કરીએ : શંકરભાઈ ચૌધરી

## ગાંધીનગરમાં ત્રિરંગા યાત્રા નીકળેલી સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સંપન્ન થઈ

ગાંધીનગર, તા. ૧૪

આપણે આપણી ફરજો બરાબર બજાવીને પણ દેશસેવા કરી શકીએ છીએ. હવે દેશ માટે જીવવાનો સમય આવી પહોંચ્યો છે તેમ રાજ્યના રાજ્ય આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ ત્રિરંગા યાત્રાના સમાપન સમારોહમાં સંબોધતાં જણાવ્યું હતું.

સ્વચ્છતા જાળવી, સ્વસ્થ રહી, સારૂ શિક્ષણ મેળવી અને દેશપયોગી કાર્યો કરી આપણે દેશ સેવા કરી શકીએ છીએ તે પણ દેશભક્તિ છે. દેશભક્તિની કોઈ સિમીત વ્યાખ્યા નથી.

તેમણે જણાવ્યુ કે પર્વો અને પ્રસંગો એ વ્યસન મુક્તિના સંકલ્પ થકી પણ આપણે દેશ સેવા કરી શકીએ છીએ. ચૌધરીએ જણાવ્યુ હતુ કે દેશમાં માહોલ બદલાઈ રહ્યો છે. દેશ માટે જીવવું છે તે ભાવનાને સાકાર કરવા સરહદ પર જવુ જરૂરી નથી પણ જુદા જુદા માર્ગોએ સત્કાર્ય અને સારા વિચારોના પ્રસાર થકી પણ દેશ સેવા થઈ શકે છે. આજનુ કામ આજે કરીએ તેવો સંકલ્પ પણ દેશ સેવાનો હિસ્સો છે.

સમાપન સમારોપમાં તેમણે ઉપસ્થિત નગરજનોને મા ભારતીને પર વૈભવના શિખરો સર કરે તે માટે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીશુ તેવો સંકલ્પ લેવડાવ્યો હતો.

આ સમાપન સમારોપ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ શહેરના કલાકારોએ રજુ કર્યો હતો.

સાંજે ૫.૩૦ વાગે ત્રિરંગા યાત્રાને ટાઉનહોલથી મેયર પ્રવિણ પટેલ, ધારાસભ્ય અશોક પટેલ, શંભુજી ઠાકોર, જિલ્લાના પ્રભારી સચિવ સંજીવકુમાર, જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, હાઉસીંગ બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ વિદાય આપી હતી.

આ પ્રસંગે જિલ્લાના અધિકારીઓ આર.એ.સી. વી.જી. કાલરિયા, પ્રાંત અધિકારી રાકેશ વ્યાસ, જિલ્લા પોલીસવડા વિરેન્દ્રસિંહ યાદવ, પુરવઠા અધિકારી સુશ્રી નિશા શર્મા, આયુર્વેદ અધિકારી ડૉ. ભાવના પટેલ, નાયબ જિ.વિ. અધિકારી ચૌહાણ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણી, જિલ્લા મેલેરિયા અધિકારી મમતા દત્તાણી, જિલ્લા ખેતીવાડી અધિકારી મહાવીરસિંહ વાઘેલા, મામલતદાર જોશી સહિતના અધિકારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# પ્રાંતિજના ફતેપુરા ગામે રાત્રીના સમયે એક મકાન ધરાશાયી

## બેને ઈજાઓ થતાં ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ફતેપુરા ગામે રાત્રીના સમયે એક માટીનું



બનાવેલ મકાન ધરાશાયી થતાં ઘરમાં સુતેલા પરિવારના ચાર સભ્યોમાંથી બેને શરીરે ઈજાઓ પહોંચતા તેમને ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના ફતેપુરા ગામમાં આવેલ રાવળવાસમાં રાત્રીના સમયે અચાનક માટીનું મકાન ધરાશાયી થતાં ઘરમાં સુઈ રહેલ પરિવારના ચાર સદસ્યો દટાયા હતા. જ્યારે આજુબાજુના લોકોને જાણ થતાં દોડી આવ્યા હતા અને કાટમાળ નીચેથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં ઘરમાં સુતા પરિવારના ચાર સભ્યોમાંથી બે બાળકોનો આબાદ બચાવ થયો હતો અને પતિ-પત્નીને શરીરે ઈજાઓ થતાં તેમને ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમા રાવળ બાલાભાઈ લાખાભાઈ ઉં.વ. ૪૦, રાવળ મધુબેન બાલાભાઈ ઉં.વ. ૩૮ બન્ને ઈજાઓ પહોંચી હતી. જ્યારે આ ઘટનાની જાણ પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને થતાં તેવો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ત્યારે આ ગરીબ પરીવારને તંત્ર દ્વારા સહાય મળે તેવું ગ્રામજનો જણાવી રહ્યા છે.

# ઉવારસદ સદવિચાર પરિવારની એસ. કે. વિદ્યામંદિરના આચાર્ય શાર્દુલ ગમારાને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ

ગાંધીનગર તા ૧૪

સરકાર દ્વારા રાજયના શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. શ્રેષ્ઠ શિક્ષકો માટેના રાજય પારિતોષિક એવોર્ડ ૨૦૧૬ અંતર્ગત પસંદગી પામેલા શિક્ષકોને રૂ ૫૧ હજારનો રોકડ પુરસ્કાર આપવામાં આવશે. રાજયમાંથી પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા ૨૮ શિક્ષકોની આ માટે પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો

**રાજયમાંથી ૨૮ શિક્ષકો, ૮ આચાર્યો તેમજ મદદનીશ નિરિક્ષકોની શ્રેષ્ઠ શિક્ષકમાં પસંદગી ૫ સપ્ટેમ્બરે શિક્ષક દિનના રોજ રાજયપાલને હસ્તે પારિતોષિક અપાશે**

અને મદદનીશ નિરિક્ષક તેમજ ખાસ શિક્ષકની પણ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામની સદવિચાર પરિવાર વિકલાંગ પનઃવાસ કેન્દ્ર એસ કે મંદિર શાળાના શિક્ષકનો પણ સમાવેશ થયો છે. શાળાના સાર્દુલભાઈ હિન્દુભાઈ ગમારાની શ્રેષ્ઠ શિક્ષકમાં પસંદગી કરવામાં આવી છે. આગામી તા ૫ સપ્ટેમ્બરના રોજ શ્રેષ્ઠ શિક્ષકોને રાજયપાલના હસ્તે પારિતોષિક એનાયત કરવામાં આવશે.

શ્રેષ્ઠ શિક્ષકો માટેના પારિતોષિક એવાર્ડ ૨૦૧૬ અંતર્ગત સરકાર દ્વારા રાજયના શ્રેષ્ઠ શિક્ષકોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાંથી ૨૮ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જયારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૮ આચાર્યનો પણ શ્રેષ્ઠ શિક્ષકોમાં પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત ૪ મદદનીશ નિરિક્ષક તેમજ એક ખાસ શિક્ષકની પણ પારિતોષિક માટે પંસદગી



કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામની સદવિચાર પરિવાર વિકલાંગ પુનઃવાસ કેન્દ્ર એસ કે વિદ્યામંદિર શાળાના શિક્ષક સાર્દુલભાઈ હિન્દુભાઈ ગમારાની પણ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરવામાં આવી છે. આગામી તા ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનના રોજ રાજયપાલ ઓ પી કોહલીના હસ્તે આ શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક એનાયત કરવામાં આવશે.



મહિલા સશક્તિકરણ પખવાડિયું ઉજવાઈ રહ્યું છે. આ નિમિત્તે સે. ૨૩માં શેઠ સી.એમ. સ્કૂલ ખાતે યોગ નિદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. યોગ નિદર્શન થકી શારિરિક સૌષ્ઠવ દિવસની ઉજવણી કરી વિદ્યાર્થીનીઓને સ્વાસ્થ્ય જાળવણીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના મહિલા અગ્રણી લત્તાબેન ચોકસીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને આર્શિવચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. ચેતનાબેન બુચ તથા આશા પટેલે જહેમત ઉઠાવી હતી.

## ભાવસાગર છલકાયો ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાળંગપુર સ્વામી નારાયણ મંદિરમાં છેલ્લા ઘણા સમયથી તેમને સારવાર આપવામાં આવી રહી હતી. ૧૦ તબીબોની ટીમ તેમના આરોગ્ય પર નજર રાખી રહી હતી. પ્રમુખ સ્વામી મહારાજનો જન્મ સાતમી ડિસેમ્બર ૧૯૨૧ના દિવસે થયો હતો. પ્રમુખ સ્વામી મહારાજ હાલમાં બાપ્સ સ્વામી નારાયણ સંસ્થાના પ્રમુખ અથવા તો ગુરૂ તરીકે હતા. બાપ્સ સ્વામી નારાયણ સંસ્થા ઈન્ટરનેશનલ હિન્દુ સોસાયટી તરીકે છે જે ધાર્મિક વિદેશીઓ સાથે જોડાયેલી રહી છે. બાપ્સને સ્વામી નારાયણના પાંચમા આધ્યાત્મિક વારસદાર તરીકે ગણવામાં આવે છે. ગુણિતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બાદ પાંચમાં અનુગામી તરીકે તેમને ગણવામાં આવતા હતા. સ્વામી નારાયણ સાથે જોડાયેલા અને અન્ય સમુદાય સાથે જોડાયેલા તમામ લોકોને પણ તેઓ જુદા જુદા સૂચનો વારંવાર કરતા રહેતા હતા. તેમના સત્સંગમાં લાખો લોકો એકત્રિત થતા હતા. શાસ્ત્રીજી મહારાજ પાસેથી ૧૯૪૦માં હિન્દુ સ્વામી તરીકે પ્રમુખ સ્વામી મહારાજ સક્રિય થયા હતા. બાપ્સના સ્થાપક તરીકે શાસ્ત્રીજી મહારાજ હતા. તેઓએ મોડેથી તેમની નિમણૂંક ૧૯૫૦માં બાપ્સના પ્રમુખ તરીકે કરી હતી. યોગીજી મહારાજે પ્રમુખ સ્વામી મહારાજને તેમના અનુગામી તરીકે અને બાપ્સના ગુરૂ તરીકે જાહેર કર્યા હતા. તેઓએ ૧૯૭૧માં તેમની ભૂમિકા શરૂ કરી હતી. બાપ્સ ચેરીટીના સંદેશાઓ સમગ્ર વિશ્વમાં પહોંચાડવામાં આવ્યા હતા. શાંતિલાલનો જન્મ સાતમી ડિસેમ્બર ૧૯૨૧ના દિવસે ગુજરાતના ચાણસદ ગામમાં થયો હતો. તેમના માતા-પિતા મોતીભાઈ અને દિવાળીબેન પટેલ શાસ્ત્રીજી મહારાજના હરીભક્ત તરીકે હતા. શાસ્ત્રી મહારાજે તે વખતે યુવા શાંતિલાલને જન્મ વખતે વિશેષ આશિર્વાદ આપ્યા હતા અને તે વખતે તેમના પિતાને શાસ્ત્રીજી મહારાજે કહ્યું હતું કે આ બાળક અમારો છે. જ્યારે સમય આવશે ત્યારે આ બાળકને અમને આપી દેજો. તેઓ ભગવાન પ્રત્યે લાખો લોકોને અગ્રેસર કરશે. ત્યારબાદથી જ પ્રમુખ સ્વામી મહારાજમાં લોકોની શ્રદ્ધા વધવા લાગી હતી.

૭૦ મા સ્વાતંત્ર્ય દિન નિમીત્તે
બનાસ બેંક પરિવાર વતી...
હાર્દિક શુભકામનાઓ...

બનાસ બેંક
Since 1959
આપણી બેંક બનાસ બેંક

બેંકની અદ્યતન ઝડપી સુવિધાઓ
- રુપે ડેબિટ કમ એટીએમ કાર્ડની સુવિધા.
- RTGS/NEFT અને SMS એલર્ટ જેવી ઓનલાઇન સુવિધાઓ.
- સુરક્ષિત લોકર સુવિધા.
- સરકારશ્રીની કોઇપણ સબસીડી માટે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સુવિધા.
- પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા અટલ પેન્શન યોજના.

Money Transfer
SMS alerts

બેંકની ઉપલબ્ધિઓ
- RBI નું લાયસન્સ ધરાવતી બેંક
- ISO સર્ટીફાઇડ બેંક
  તમામ શાખાઓ કોર બેંકીંગ સોલ્યુશન હેઠળ
- IFS Code - GSCB 0 BKD 001
- બેંકના કર્મચારીઓ સહીત બે લાખ ખેડૂતોને અકસ્માત વીમા કવચ

આકર્ષક વ્યાજદરે થાપણ યોજનાઓ
- બાંધી મુદતની થાપણો
- કેશ સર્ટીફીકેટ થાપણો
- "બનાસ લક્ષ્મી" કેશ સર્ટીફીકેટ
- માસીક બચત થાપણો
- સીનીયર સીટીજન માટે ૦.૫૦% વધુ વ્યાજ

એક લાખ સુધીની તમામ થાપણો વીમાથી સુરક્ષિત

શ્રી શંકરભાઇ ચૌધરી (ચેરમેન)
શ્રી જીગરભાઇ દેસાઇ (વાઇસ ચેરમેન)
શ્રી એમ.બી. પટેલ (CA) (મેનેજીંગ ડીરેક્ટર)
તથા સંચાલક મંડળ

શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.
મુખ્ય કચેરી : "બનાસ ભવન" ડીસા હાઇવે, પાલનપુર-૩૮૫૦૦૧. ફોન : ૦૨૭૪૨-૨૬૧૩૦૫, ૨૬૧૧૪૫
E-mail : banasbank@yahoo.in • Website : www.banasbank.com
Since 1959

જીલ્લા પંચાયત - અરવલ્લી

આઝાદી પર્વ નિમિત્તે
જિલ્લાના સર્વે પ્રજાજનોને
હાર્દિક શુભકામના

રાજેન્દ્ર પારઘી
પ્રમુખ
જિલ્લા પંચાયત
અરવલ્લી

વિશાલ ગુપ્તા આઇ.એ.એસ.
જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત
અરવલ્લી

કિર્તીભાઈ પટેલ
ઉપપ્રમુખ
જિલ્લા પંચાયત
અરવલ્લી

સચિનભાઈ પટેલ
અધ્યક્ષ
કારોબારી સમિતિ
અરવલ્લી

તથા જિલ્લા પંચાયત તમામ સમિતિના
ચેરમેનશ્રી /સદસ્યશ્રીઓ તથા
અધિકારીગણ તથા કર્મચારીગણ
તરફથી શુભેચ્છાઓ....